હિરાના વેપારીના મકાનમાંથી ૪૮ લાખની ચોરીથી ચકચાર

ચાર અધિક કલેક્ટરોને વધારાનો હવાલો સોંપાયો

ગાંધીનગર, તા. ૫

રાજ્યના અધિક કલેક્ટર સંવર્ગના અધિકારીઓને વધારાનો હવાલો સોંપાયો છે.

નામ	વધારાનો હવાલો
એ.પી. વાઘેલા	જિલ્લા નિયામક ગ્રામ વિકાસ એજન્સી, બોટાદ
આઈ.આર. મનસુરી	ખાસ ફરજ પરના અધિકારી, ગુ.હા.બોર્ડ, અમ.
એચ.આઈ. જોષી	નિયામક, જિ. ગ્રામ. વિ. એજન્સી, ભાવનગર
ડી.ડી. કાપડીયા	જનરલ મેનેજર, એસ.ટી. નિગમ, અમદાવાદ

રેડિયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ રોલ બોલની નેશનલ સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

રોલ બોલ એસોસિએશન ગુજરાત દ્વારા તાજેતરમાં રોલબોલ સ્ટેટ ચેમ્પિયનશીપ અંડર-૧૧ અને અંડર-૧૪ વડોદરા ખાતે આવેલી ગુજરાત પબ્લિક સ્કૂલ ખાતે યોજાયેલ હતી, જેમાં ૧૫થી વધુ ટીમોએ ભાગ લીધેલ હતો.

બરોડા, ગાંધીનગર, ભરૂચ, સુરત, અમદાવાદ, બિલિમોરા, નવસારી વેગેરે સ્થળોથી ૩૦૦થી વધુ ખેલાડીઓ આવ્યા હતા. આ સ્પર્ધામાં ગાંધીનગર ખાતે આવેલ રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના ખેલાડીઓ તૃતીય ક્રમ મેળવી વિજેતા બન્યા હતા. ગાંધીનગરના ધ્રુવ, ફિનિલ, નિશાંત અને જીલ ખેલાડીઓએ તૃતીય સ્થાન મેળવ્યો હતો. વિજેતા ખેલાડીઓ રોલબોલની નેશનલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આ સિદ્ધિ મેળવવા બદલ શાળાના આચાર્યએ વિજેતા ખેલાડીઓને અને કોચ કલ્પેશ દવેને અભિનંદન પાઠવ્યા હતા.

મજરા ગામે નજીવી બાબતમાં તકરાર થતાં પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા મજરા ગામે બાઈક પાછળ રીક્ષા અડી જતાં સામાન્ય તકરારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં ફરીયાદીને માર મારવામાં આવતા ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ગામે રહેતા પટેલ ગાંડાભાઈ શામળભાઈ બાઈક ઉપર મજરા ગામમાં જઈ રહ્યા હતા તે દરમિયાન મજરા ગામની રીક્ષા ચાલક દ્વારા પાછળથી મોટર સાઈકલને ટકકર મારતા ફરીયાદી દ્વારા રીક્ષા ચાલકના ઘરે કહેવા જતાં આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલવા લાગેલા અને માર મારતા માથાના તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરીને જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો હતો.

બનાવની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પટેલ ગાંડાભાઈ શામળભાઈ દ્વારા ચાર જણ વિરૂધ્ધ ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે (૧) શનાજી સુરાજી રાઠોડ (૨) ભાવેશજી શનાજી રાઠોડ (૩) રોહિતજી શનાજી રાઠોડ તથા અન્ય એક દિકરો જેનું નામ ખબર ના હોય એમ ચારેય વિરૂદ્ધ ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદના વિજ્ઞાપન જગતની શ્રેષ્ઠ પ્રતિભાઓનું બહુમાન

ગાંધીનગર, તા. ૫

હાલમાં રજતજયંતિ વર્ષ ઉજવી રહેલા અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન (એએસીએ)ના ઉપક્રમે યોજાયેલા એક ભવ્ય અને ધમાકેદાર સમારંભમાં શનિવારે અમદાવાદના વિજ્ઞાપન જગતની શ્રેષ્ઠ સર્જનાત્મક પ્રતિભાઓનું વિવિધ એવોર્ડઝ દ્વારા બહુમાન કરાયું હતું.

એએસીએના ઉપક્રમે વાયએમસીએ ઓડિટોરિયમમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં વિવિધ પ્રકારની ૧૬ કેટેગરીમાં ૧૬ સુવર્ણ અને ૧૮ રજત એવોર્ડ એનાયત કરાયા હતા અને સતત ઈનોવેશન સાથે કામ કરવાના તથા છેક ૧૯૧૯થી વિજ્ઞાપન જગત સાથે જોડાઈને પરસ્પર સહયોગ અને અસ્તિત્વના ઉદ્દેશને સાકાર કરાયો હતો.

'ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગ' તરીકે યોજાયેલા આ સમારંભમાં વિજ્ઞાપન જગતના મહારથી અને પ્રસિદ્ધ ક્રિએટિવ ફિલ્મ ડિરેક્ટર શ્રી પ્રહલાદ કક્કર એવોર્ડ ઈવનીંગના ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજર રહ્યા હતા.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન (એએસીએ)ના પ્રેસિડેન્ટ શ્રી અજીત શાહે જણાવ્યું છે કે, 'શહેરમાં થઈ રહેલી સર્જનાત્મક કામગીરીનું બહુમાન કરીને રજત જયંતિ ઉજવવા કરતાં વધુ બહેતર અન્ય માર્ગ હોઈ શકે નહી. એવોર્ડ જાહેર કરાયા તે પહેલાં ૬૦૦થી વધુ એન્ટ્રી આવી ચુકી હતી એ બાબત જે પ્રકારનું કામ અમદાદમાં થઈ રહ્યું છે તેનો બોલતો પુરાવો છે.

એવાર્ડ માટેની વિવિધ કેટેગરીમાં ઈન્ફ્રાસ્ટ્રકચર, એફએમસીજી, ઓટોમોબાઈલ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ એન્ડ એપ્લાયન્સીસ, લાઈફસ્ટાઈલ, હોસ્પિટાલીટી, ફાયન્સ, એજ્યુકેશન, કોર્પોરેટ અને ગવર્મેન્ટ, હેલ્થકેર, એન્ટરટેઈનમેન્ટ, ઈનોવેશન અને રિસ્પોસ, સોથિયલ કોઝ, પબ્લિક ઈન્ટરેસ્ટ, ટીવી, સિનેમા, રેડિયો અને આઉટડોર વિજ્ઞાપનોનો સમાવેશ થયો હતો.

૨,૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવા માટેનો નિર્ણય

શિક્ષણ વિભાગના ભરતી કેલેન્ડર મુજબ ટેટ-૨ ઉમેદવાર માટે ટૂંકમાં જ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે

અમદાવાદ, તા.૫

રાજયની પ્રાથમિક શાળાઓમાં જોવા મળી રહેલ શિક્ષકોની અછતનાં કારણે હવે રાજય સરકાર દ્વારા નવા વિદ્યાસહાયકોની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના ભરતી કેલેન્ડર મુજબ ટેટ-૨ ઉમેદવારો માટે ભરતી પ્રક્રિયા હત્ય ધરાશે જે માટે જિલ્લા પ્રમાણે શિક્ષકોની જરૂરતી યાદી અત્યારે તૈયાર કરવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૮ને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવ્યા બાદ શિક્ષકોની ભારે અછત જોવા મળી રહી છે. જેનાં પગલે રાજય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા બે હજાર નવા વિદ્યાસહાયકોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધીકારીઓએ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ ખાતે હાજર રહીને માંગણીપત્રક સોપવાના રહેશે દરેક જિલ્લામંત્રી માંગણીપત્રક આવ્યા બાદ ભરતી પ્રક્રિયા અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. જોકે આ ભરત પ્રક્રિયામાં ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો જ ભાગ લઈ શકશે. શિક્ષણ વિભાગનાં સુત્રોનાં જણાવ્યા મુજબ શિક્ષણ મહેકમનાં આધારે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિભાગ (ધોરણ ૬થી ૮)ગુજરાતી માધ્યમ માટે આ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે છે.

આ માટે દરેક જિલ્લાઓએ તેમની ખાલી જગ્યાઓ અંગેની વિગતો મોકલી છે. જેથી જિલ્લા પ્રમાણે માગણીપત્રકો તૈયાર કરીને ૭ ઓક્ટોબરના રોજ રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિના કાર્યાલયમાં રૂબરૂ મોકલી આપવાની રહેશે. ઉલ્લેખનીય છેકે, રાજયમાં વિવિધ પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી શિક્ષકોની અછતની ફરીયાદો ઉઠી રહી છે.

આ અંગે વિવિધ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ દ્વારા રજુઆત પણ કરવામાં આવતી હતી.બીજી બાજુ વિદ્યાસહાયકોની ભરતી ૧ થતા ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોમાં પણ નારાજગી જોવા મળતી હતી. ત્યારે રાજય સરકારનાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયકોની ભરત હાથ ધરાતા તમામને હાશકારો થયો છે.

જીટીયુ વિવિધ વિદ્યાશાખાની ૧૭ નવેમ્બરથી પરીક્ષા શરૂ

અમદાવાદ, તા.૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા લેવામાં આવતી રેગ્યુલપ અને રેમેડિયલ પરીક્ષાનો પ્રારંભ ૧૭મી નવેમ્બરથી થશે.જેમાં ઈજનેરી અને ફાર્મસી સહિતની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાશે. આ પહેલા વિવિધ વિદ્યાશાખાઓની પ્રેકટીકલ પરીક્ષા આગામી ૧૬મી ઓકટોબરથી લેવામાં આવશે. જે જીટીયુનાં પાંચ ઝોનનાં ૨૫૦ સેન્ટરો ખાતે લેવામાં આવશે.પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ઈજનેરી અને ફાર્મસી સહીતની વિદ્યાશાખાઓની સેમેસ્ટર પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે મુજબ પ્રથમ તબક્કાની બીઈ,ડીપ્લોમાં ઈજનેરી, એનઈ,એમફાર્મ,એમબીએ, એમસીએનાંવિવિધ સેમેસ્ટરની રેગ્યુલર તેમજ રેમેડિયલ પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન લેવામાં આવશે.આ પરીક્ષાનો પ્રારંભ ૧૭મી નવેમ્બરથી થશે. જેમાં જીટીયુના અમદાવાદ, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, રાજકોટ, સુરત સહિતના કુલ પાંચ પરીક્ષા સેન્ટરોમાં અંદાજે ૪૫૦થી વધુ કોલેજોના બે લાખની વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. જો કે આ પહેલા બીજી સેમેસ્ટર ૭ અને ૮ તેમજ ડિપ્લોમાં ઈજિનેરીનાં સેમેસ્ટર-૫ અને ૬ની પ્રેકિટકલ પરીક્ષા દિવાળી પહેલા એટલે કે ૧૬મી ઓકટોબરથી ત્રીજી નવેમ્બર દરમિયાન લેવામાં આવશે.અમદાવાદ સહીંત પાંચ ઝોનનાં ૨૫૦ પરીક્ષા સેન્ટરો પર લેવાનાર આ પ્રેકટીકલ પરીક્ષામાં એક લાખથી વધુ વિદ્યાર્થી ભાગ લેશે.

મણીનગર સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગાંધી જયંતિ શાંતિ કુચ યોજાઈ

ગાંધીનગર, તા. ૫

રજબની શહાદતને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ હૃદયના ઉંડાણથી ભાવાંજલી અર્પી હતી.

જેથી મહાત્મા ગાંધીજીની ૧૭૪મી જન્મ જયંતીએ વસંત-રજબને શાંતિકૂચ દ્વારા અંજલી અર્પવા સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની નિશ્રામાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ શાંતિ કેન્દ્ર - શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસરથી સાંતીકૂચનો પ્રારંભ થયો હતો જે બંધુત્વ સ્મારક ભવન-ગાયકવાડ હવેલી ખાતે કૂચ પૂર્ણ થઈ હતી. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી કૃત અને સંશોધક-સંગ્રાહક ડૉ. રિઝવાન કાદરીના વસંત રજબ સ્મારક ગ્રંથની ઈ-બુકનું વિમોચન પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું.

પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે સ્મારક ભવનમાં પધારી વસંત રજબની પ્રતિમાને સૂતરની આંટીનું આરોપણ કર્યું હતું તેમજ ગેલેરી નિહાળી હતી.

પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે બંધુત્વભાવ સાચા અર્થમાં કેળવીશું તો દેશમાં સર્વત્ર શાંતિ પ્રસરશે.

શાંતિકૂચમાં સંતવૃંદ, હરિભક્તો, યુવાનો તેમજ પ્રતિષ્ઠિત આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે બંધુત્વ સ્મારક ભવન ખાતે પદાધિકારીઓ, ધારાસભ્યશ્રી વિગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ-૧૦માં અંકગણિત, મનોવિજ્ઞાન સામેલ કરાશે

ગુજરાત રાજય શિક્ષણ બોર્ડની શૈક્ષણીક સમિતિની બેઠકઆજે ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં ખાસ કરીને ધોરણ-૧૦માં અંક ગણિતની અને મનોવિજ્ઞાન જેવા વિષયો દાખલ કરવા અંગે વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં આ વિષયે સમાજનાં વિવિધ વર્ગો પાસેથી અભિપ્રાય મેળવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓનાં દફતરનો ભાર ઘટાડવો અને અભ્યાસક્રમ સરલીકરણ સહીતનાં મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.પ્રાપ્ત થત માહીતી મુજબ શાળાનાં બાળકોનાં દફતરનું ભારણ ઘટાડવા માટે કેન્દ્ર સરકારનાં માનવસંશાધન મંત્રાલય દ્વારા દરેક રાજયોને સુચન કરવામાં આવેલ છે. ત્યારે આ અંગે ચર્ચા કરવા માટે આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજય શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વિદ્યાર્થીઓનાં દફતરનાં ભારણ ઘટાડવા માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત અભ્યાસક્રમને વધુ સરળ અને પરિણામ લક્ષી કઈ રીતે બનાવી શકાય તે અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાનાં અંતે દફતરોનું ભારણ ઘટાડવા તેમજ અભ્યાસક્રમનાં સરળીકરણ માટે નિષ્ણાંતો તેમજ સામાન્ય લોકો પાસેથી સુચનો મંગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બાળકોને માધ્યમિક શાળા કક્ષાએથી જ અંક ગણિત અને મનોવિજ્ઞાન જેવા વિષયોનું જ્ઞાન મળી રહે તેવા ઉદેશ સાથે શૈક્ષણીક સમિતિની બેઠકમાં ધોરણ ૧૦માં અંક ગણિત અને મનોવિજ્ઞાન જેવા વિષયો સમાવવા અંગે આ વિષે નિષ્ણાંતો અને સમાજનાં વિવિધ વર્ગોના લોકો પાસથી અભિપ્રાય મંગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અજવાળુ પથરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલુ તોતિંગ વિજ બીલ ચુકવવામાં આવે છે. જયારે આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટની જાળવણી પાછળ પણ અન્ય ખર્ચ પણ થાય છે. ત્યારે ટોરેન્ટ પાવર દ્વારા સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે હાથ ઉંચા કરી દેવામાં આવે તો તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થાય તેમ છે. જો કે આ માટે વિભાગ કક્ષાએથી પણ અન્ય વ્યવસ્થા ગોઠવવા પુર્વ આયોજન માટે સકીય વિચારણા ચાલી રહી છે. બીજીતરફ નગરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સરળ બને અને વિજ બીલની બચત થાય તે માટે તંત્ર દ્વારા એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જે અન્વયે શહેરના મુખ્ય ૭ માર્ગો પર એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવા પ્રાયોગિક ધોરણે યોજના હાથ ધરવા આયોજન થઈ રહયુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે એલ ઈ ડી લાઈટના અજવાળાની સાથે તંત્રને વિજ બીલમાં પણ રાહત થશે. જો કે આ તંત્ર દ્વારા વિભાગને ટુંક સમયમાં દરખાસ્ત કરવામાં આવશે. જેના અંતે પ્રોજેકટને આખરી કરવામાં આવશે . શહેરમાં પ્રયોગિક ધોરણે હાથ ધરાનારા આ એલ ઈ ડી પ્રોજેકટને સફળતા મળશે તો અન્ય આંતરિક વિસ્તારોમાં પણ આ લાઈટનુ અજવાળુ પથરાશે.

લાઈબ્રેરિયન અંજના બારોટના શોધ નિબંધો રાષ્ટ્રીય અધિવેશનમાં પ્રકાશિત

'નેકસ્ટ જનરેશન લાઈબ્રેરિયનશીપ' વિષયે શનિવારે સુરેન્દ્રનગર ખાતે સી.યુ. શાહ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા સૌપ્રથમ રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનમાં ગાંધીનગરની સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસીસ્ટન્ટ લાઈબ્રેરિયન અંજના બારોટના કુલ ૪ શોધ નિબંધ વ્યાખ્યાન ગ્રંથમાં પ્રકાશિત કરાયા છે. તેમની આ સિદ્ધિમાં માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલ અને અન્ય સહાયક સંશોધકોનો પણ મહત્વનો ફાળો રહેલો છે. અંજના બારોટની આ સિદ્ધિને કોલેજના પ્રિન્સિપાલ રવિનાબેન ક્રિશ્ચિયન તથા કેમ્પસ ડાયરેક્ટર આર.જે. વ્યાસ અને

કર્મચારીગણે અભિનંદન આપી બિરદાવી છે.

એમ.બી. પટેલ કોલેજમાં એન.એસ.એસ. ડેની ઉજવણી કરાઈ

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ.ડેની ઉજવણીના ભાગરૂપે એન.એસ.એસ. ક્વીઝ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત દર શનિવારે વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસની સફાઈ, દત્તક વિસ્તારની ઝુંપડપટ્ટીમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવવાનો કાર્ય, હેલ્થ ચેક-અપ કેમ્પ, રક્તદાન શિબિર જેવા કાર્યક્રમો હાથ ધરાયા હતા. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. કો. ઓર્ડીનેટર ડૉ. ભગીરથી કેતન ભટ્ટ તથા સિવિલ હોસ્પિટલના સ્ટાફે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

હિરાના વેપારીના મકાનમાંથી ૪૮ લાખની ચોરીથી ચકચાર

લાખો રૂપિયાની ચોરી કરીને તસ્કરો ફરાર થયા : શહેરની સેટેલાઈટ પોલીસ દ્વારા મામલામાં ગુનો નોંધી વધુ તપાસ

અમદાવાદ, તા.૫

શહેરના અતિ પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં ૪૮ લાખથી વધુની ચોરીથી સનસનાટી મચી ગઈ છે. સેટેલાઈટ-માણેકબાગ રોડ ઉપર બનેલી આ ઘટના બાદ દિવસ દરમિયાન પોલીસ કાફલા દ્વારા ઊંડી તપાસ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈપણ કડી હાથ લાગી નથી. આ સંદર્ભમાં કોઈની ધરપકડ પણ કરવામાં આવી નથી.સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર સોના-ચાંદીના ઘરેણા અને ડાયમંડ બનાવવાના બિઝનેસમાં રહેલા દિપકભાઈ નામના વેપારીના ઘરમાં આ દિલધડક ચોરીનો બનાવ બન્યો હતો. પોલીસે જુદા-જુદા એંગલથી તપાસ શરૂ કરી દીધી છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ, માણેકબાગ રોડ પર આવેલા પ્રાર્થના વિહાર બંગ્લોઝના બંગલા નંબર-૨૬માં રૂ.૪૮ લાખની ચોરી થતા ચકચારી મચી જવા પામી હતી.ડાયમંડ વેપારીના મકાનમાં ગત રાત્રે તસ્કરોએ પ્રવેશને સોના ચાદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત ૪૮ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ વેપારી દિપકભાઈ શાહે નોંધાવી હતી. પોલીસ મુજબ, શહેરના સેટેલાઈટ વિસ્તારના માણેકબાગ રોડ પર આવેલા પ્રાર્થના વિહાર બગ્લોઝનાં બંગલા નં.૨૬માં દિપક શાહ તેમના પરિવાર સાથે રહે છે. દિપકભાઈ શાહ સરખેજ-ગાંધીનગર હાઈવે પર સોના ચાંદીના ઘરેણા અને ડાયમંડના દાગીના બનાવવાનો બિઝનેસ કરે છે. દિપકભાઈના ઘરે એક નોકર પણ રહેતો હતો. બે દિવસ અગાઉ દિપકભાઈ પોતાના વેપારી કામથી મધ્યપ્રદેશ રતલામ ખાતે ગયા હતા અને નોકર ઘરમાં હાજર હતો. તે દમ્યાનમાં મોડી રાત્રે દિપકભાઈના બંગ્લોઝમાં તસ્કરો એ ઘરનાં દરવાજાનો નકુચો તોડી પ્રવેશ્યા હતા. ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીનાં અને રોકડ રકમ સહિત ૪૮ લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

દિપકભાઈ આજે વહેલી સવારે મધ્યપ્રદેશ રતલામથી પરત આવ્યા ત્યારે ઘર અસ્ત વ્યસ્ત હતું. ચોરીની જાણ થતાં દિપકભાઈ સેટેલાઈટ પોલીસને ફોન કર્યો હતો. આ ઘટનાની જાણ સેટેલાઈટ પોલીસ સ્ટેશનને થતા સેટેલાઈટ પોલીસ સહિત ઉચ્ચ અધિકારી તેમજ ક્રાઈમ બ્રાંચના સ્ટાફ હતા અને તપાસ શરૂ કરી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાવક નં. - જાહેર ટેન્ડર નોટીસ-૨૦૧૫-૨૦૧૬ પ્રાંતિજ નગરપાલિકા
પ્રાંતિજ તા. / ૧૦/૨૦૧૫

જાહેર ટેન્ડર નોટીસ
૨૦૧૫-૨૦૧૬

આથી રસ ધરાવનાર ઠેકેદારશ્રીઓને આ જાહેર ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે. નીચે જણાવેલ વિગતે પ્રાંતિજ નગરપાલિકાના વિસ્તારમાં મીની હાઈલાઈટના અંગે નોટીસ પ્રસિદ્ધ થયેથી તા. ૧૩/૧૦/૨૦૧૫ સુધીમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીએ રૂ. ૧૦૦૦-૦૦ ટેન્ડર ફી રૂબરૂ ભરી મેળવી લેવા અને ટેન્ડર ફીની પાવતી ઝેરોક્ષ રૂ. ૧૦,૦૦૦-૦૦ની ડીપોઝીટનો ઈ.એમ.ડી. ટેન્ડર સાથે બંધ કવરમાં સામેલ કરી ફક્ત ભારતીય પોસ્ટ દ્વારા આર.પી.એ.ડી. થી ટપાલ તા. ૧૯/૧૦/૨૦૧૫ સુધીમાં ચીફ ઓફીસરશ્રી પ્રાંતિજ નગરપાલિકાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમિયાન પ્રાંતિજ નગરપાલિકા - પ્રાંતિજનો સંપર્ક કરવો.

(સતીષ પટેલ)	(હર્ષિદાબેન પારેખ)	(જગદીશભાઈ કીમતાણી)	(પંકજકુમાર મોદી)	(નિરવ પરીખ)
મુખ્ય અધિકારી	ચેરમેન દિવાબત્તી	ચેરમેન કારોબારી	ઉપપ્રમુખ	પ્રમુખ

પ્રાંતિજ નગરપાલિકા - પ્રાંતિજ